| | |
|---|---|
| PUBLICATION NAME : | Prabhat |
| EDITION : | Ahmedabad |
| DATE : | 24/05/2023 |
| PAGE NO : | 2 |

# ઈડીઆઈઆઈએ પ્રોજેક્ટ સ્વાવલંબન હેઠળ ૭૫૦ દિવ્યાંગોના કૌશલ્ય વિકાસ માટે એસબીઆઈ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ એસબીઆઈની કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) પ્રોજેક્ટ સ્વાવલંબન હેઠળ ૭૫૦ દિવ્યાંગો (PwDs) ના કૌશલ્ય વિકાસ અને તાલીમ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશન (એસબીઆઈએફ) સાથે ભાગીદારી કરી છે. ઈડીઆઈઆઈ આ પ્રોજેક્ટને ગુજરાતના આણંદ, ખેડા, ગાંધીનગર, અમદાવાદ અને અરવલ્લી જિલ્લામાં અમલમાં મૂકશે. પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોને તેમની બજાર પહોંચ વિસ્તારવામાં અને તેમની આવકમાં વધારો સુનિ?િત કરવામાં મદદ કરવાનો છે.

પ્રોજેક્ટ હેઠળ ઈડીઆઈઆઈ ૭૫૦ અલગ-અલગ દિવ્યાંગોને એન્ટરપ્રાઈઝ પ્રમોશન ટ્રેનિંગ આપશે જેમાં ૫૦૦ વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો અને ૨૫૦ સભ્ય આધારિત સંસ્થાઓ (એમબીઓ) ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે. સહકારી અથવા સ્વસહાય જૂથ (એસએચજી) તરીકે ૨૫૦ અલગ-અલગ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકો માટે દસ એમબીઓ બનાવવામાં આવશે. આ એમબીઓને નેટવર્ક-બિલ્ડિંગ, બજારની પહોંચ વધારવા અને ફાઈનાન્સ માટે માર્ગદર્શન અને ટેકો પૂરો પાડવામાં આવશે. પ્રોજેક્ટના ભાગ રૂપે દિવ્યાંગ લોકોના સશક્તિકરણ તરફ સરકાર, સ્ટાર્ટઅપ્સ, ઔદ્યોગિક સંગઠનો અને સીએસઆર સંસ્થાઓનું ધ્યાન દોરવા માટે એક સંશોધન પણ હાથ ધરવામાં આવશે.



એસબીઆઈ ફાઉન્ડેશન (એસબીઆઈએફ)ના દિવ્યાંગો માટેના સેન્ટર ઓફ એક્સિલન્સ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી શશી ભૂષણે જણાવ્યું હતું કે, ૠએસબીઆઈ ફાઉન્ડેશન સમુદાયો સાથે જોડાઈ રહ્યું છે અને દિવ્યાંગોનું સશક્તિકરણ એ અમે જે ક્ષેત્રો પર ધ્યાન આપી રહ્યા છીએ તેમાંનું એક છે. તેમને આત્મનિર્ભર બનાવવા માટે, અમે પ્રવૃત્તિઓના વિશાળ કેનવાસ દ્વારા સમગ્ર દેશમાં દિવ્યાંગજનોને સંવેદનશીલ અને સશક્ત બનાવવા સખત મહેનત કરી રહ્યા છીએ જેમ કે જાગૃતિ નિર્માણ દરમિયાનગીરીઓ, કૌશલ્ય વિકાસ, સ્વ-રોજગાર માટે ક્ષમતા નિર્માણ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, વ્યવસાય ધિરાણ અને ઘણું બધું. ઈડીઆઈઆઈ સાથે સહયોગ કરીને અમે તે લક્ષ્યોને હાંસલ કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ૠસેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ (સીઈડીએ) દ્વારા ઈડીઆઈઆઈ અલગ-અલગ દિવ્યાંગોમાં ઉદ્યોગસાહસિકતા, રોજગારી અને આજીવિકા પ્રવૃત્તિઓને સફળતાપૂર્વક પ્રોત્સાહન આપી રહ્યું છે. ઈડીઆઈઆઈ માટે સર્વસમાવેશક વૃદ્ધિ અને વિકાસ હંમેશા મુખ્ય ફોકસ રહ્યું છે અને આ સહયોગ સાથે, અમારું લક્ષ્ય અલગ-અલગ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોને સશક્ત કરવાનો અને તેમને સમાજ માટે આદર્શ બનાવવાનો છે.

ઈડીઆઈઆઈ સર્વસમાવેશક વૃદ્ધિ માટે નવીનતા-આધારિત પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવા માટે સરકારો અને કોર્પોરેટ સાથે ભાગીદારી કરે છે. અત્યાર સુધીમાં, સંસ્થાએ ૨૩ થી વધુ રાજ્યો અને ૧૩૮ જિલ્લાઓમાં કામ કર્યું છે અને વિવિધ પ્રોજેક્ટ્સ અને પહેલો દ્વારા ૬૮,૯૫૦ જીવન પર પ્રભાવ પાડ્યો છે.